તા. ૬/૭/૨૦૧૯ શનિવાર નોબત

56

# કેન્દ્રીય બજેટ અંગે ચેમ્બર પ્રમુખ બિપેન્દ્રસિંહ જાડેજાના મિશ્ર પ્રતિઘાતો



જામનગર તા. ૬: તા. ૫-જુલાઈએ નવ નિયુક્ત નાણામંત્રીએ પોતાનું પ્રથમ સામાન્ય બજેટ રજૂ કર્યુ છે. આ અંદાજપત્રની અનેક એવી બાબતો છે; જે દૂરંગામી સારી અને ખરાબ અસરો છોડી જાય તેવી છે. જ્યારે અમુક એવી બાબતો છે જેની અસર હાલના નબળા અર્થતંત્ર પર નહિવંત રહેશે.

જામનગર ચેમ્બર છેલ્લા ત્રણેક વર્ષોથી સર્વિસ ટેક્ષ અને બીજા આડકતરા કરવેરા માટે સમાધાન યોજનાની માંગણી કરી છે. જે આ અંદાજપત્રમાં સ્વીકારવામાં આવી છે. તેવી જ રીતે નોન-બેંકીંગ ફાઈનાન્સિયલ ઈન્સ્ટિટયુટસને વ્યાજની આવક કરમુક્ત કરવાની માંગણી પણ જામનગર ચેમ્બર દ્વારા કરવામાં આવી હતી. જેનો પણ સ્વીકાર થયો છે. જેથી ચેમ્બર આ અંદાજપત્રિય દરખાસ્તોને આવકારે છે.

કરદાતાઓ આજે વધતી જતી કંપલાયન્સ કોસ્ટ અને અધિકારી રાજની દહેશત નીચે જીવે છે. તેવામાં આકારણી પ્રવૃત્તિઓનું સંપૂર્ણ ડિઝિટલાઈજેશન આવકારી પગલું છે અને આ કાર્યવાહીઓ માટે સચોટ, સહેલી અને કોઈ અડચણ વગરની સિસ્ટમ અમલી બને તેવી ચેમ્બર આશા રાખે છે.

સામાજિક સ્તરે સુધારણા માટે અંદાજપત્રિય યોજનાઓ ખૂબ જ આકર્ષક છે; પરંતુ તે પૈકી બહુધા યોજનાઓ પાંચ વર્ષ કે તેથી વધુ સમયની છે તેથી આ યોજનાઓની અસર તુરંત જ જોવા નહીં મળે, પરંતુ લાંબાગાળે તેની બહુ સારી અસર જોવા મળશે તેવી આશા છે.

જામનગરના વેપાર-ઉદ્યોગને કોઈ સીધી રાહત મળેલ હોય તેવું જણાતું નથી. ઈનકમટેક્ષની આવક છેલ્લા બે-ત્રણ વર્ષમાં ૬૮ ટકા જેવો વધારો થયેલ છે, તેમ છતાં ઈનકમટેક્ષની મુક્તિ મર્યાદા ન વધારી સામાન્ય કરદાતાને નિરાશ કર્યા છે. તેવી જ રીતે પેટ્રોલ-ડિઝલ પર એકસાઈઝ ડ્યૂટી વધારી રોડ ડેવલોપમેન્ટ સેસ લાદવાની જાહેરાતને મોંઘવારી વધવાની ચોક્કસ શક્યતા ઊભી કરી છે.